# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓ અને ITI ના ધોરણ-૧૦ પાસ થયા બાદ હાલ છેલ્લા સેમેસ્ટરમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓને જણાવવાનું કે ચાલુ વર્ષે ITI ના GCVT/NCVT અભ્યાસક્રમના અંતિમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતા તાલીમાર્થીઓ ધોરણ-૧૨નું સમકક્ષતા પ્રમાણપત્ર મેળવી શકે તેવા હેતુથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ અંગ્રેજી (દ્વિતીય ભાષા-૦૧૩)ની ખાસ પરીક્ષા તા.૦૩/૧૦/૨૦૨૧ રવિવારના રોજ લેવામાં આવેલ હતી. જેમાં કુલ-૪૮૯૨ પરીક્ષાર્થીઓએ પરીક્ષા આપેલ. આ તાલીમાર્થીઓના પરિણામ તાલીમાર્થીએ જે શાળામાંથી આવેદનપત્ર ભરેલ તે શાળામાં તા.૧૨/૧૦/૨૦૨૧ ના રોજ ટપાલ મારફતે મોકલી આપવામાં આવશે. સંબંધિત પરીક્ષાર્થીએ જે તે શાળામાંથી પરિણામપત્રક મેળવી લેવાનું રહેશે. આ અંગે સંબંધિતોને નોંધ લેવા જણાવવામાં આવે છે.

Patel

નાયબ નિયામક (પરીક્ષા)વતી
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા – ૧૧/૧૦/૨૦૨૧
સ્થળ – ગાંધીનગર